**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૮ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન મકાઈના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન બહુવિધિ સૂકામેવાના હિંડોળાના દર્શન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નરેશ દવેના નિવાસસ્થાન સે-૫-સી ૧૬૮૯/૧, શિવશકિત સોસાયટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા મેહુલભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૦૩/૧, સે-૧૪ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી ૮.૩૦ ચાલણી રૂપિયાની નવી નોટોના હિંડોળા તથા ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાવગત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે મહેન્દ્રભાઈ રાવલ દ્વારા સાંજે ૮.૧૫ થી લઘુરૂદ્ર યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા ધર્મેન્દ્રભાઈ પંડયાના નિવાસસ્થાન બી-૭૪, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● રાધે રાધે પરિવાર અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા આજે ૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા સવારે ૭.૪૫ કલાકે સે-૨૫ જીઆઈડીસીથી સવારે ૧૧ વાગ્યે નીકળી સે-૧૧ એમએસ ગ્રાઉન્ડ સુધી પહોંચશે.

### ચિરવિદાય

- સ્વ. વિશાલકુમાર નટવરભાઈ સોલંકી, ઉ.વ. ૨૧
- સ્વ. વજીબેન શામન્તભાઈ રાઠોડ, ઉ.વ. ૫૨
- સ્વ. પટેલ સુર્યાબેન ગોરધનભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. રાઠોડ રણજીતભાઈ ચીમનભાઈ, ઉ.વ. ૪૬
- સ્વ. રાણા અમરસિંહ બબાજી, ઉ.વ. ૪૮

# રક્ષાબંધને ઓનલાઈન શોપિંગ-ગીફટ-કાર્ડનો નવતર ટ્રેન્ડ

**હેન્ડમેડ ફોટોફ્રેમ, ચોકલેટ સાથે વિવિધ આકર્ષિત ચોકલેટ બોકસ અને સેલીબ્રેશન થાલી બજારમાં આકર્ષણનું કેન્દ્ર : કેજ બોકસ-પીગી બેંકની પણ ડિમાન્ડ**








ગાંધીનગર, તા.૧૩

ભાઈ-બહેનના પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન. બહેન ભાઈની રક્ષા અર્થે રાખડી બાંધી તેનો ભાવ પ્રકટ કરે છે ત્યારે ભાઈ સામે બહેન નાની હોય કે મોટી તેને ભેટ આપે છે. શહેરમાં વિવિધ જગ્યાએ ભેટ અર્થે વસ્તુઓ વેચાણમાં છે તેમાં મુખ્યત્વે હેન્ડમેડ ફોટોફ્રેમ, ચોકલેટસ, કાર્ડસ ઉપરાંત કેટબરી સેલીબ્રેશનના ચોકલેટ બોકસ તથા ઈનડોર-આઉટડોર પ્લાન્ટસ સાથે વિવિધ જાતના પેકીંગ્સ સાથે ચોકલેટસ ખાસ ચલણમાં છે.

રક્ષાબંધનને હવે એક જ દિવસની વાર છે ત્યારે રાખડીઓ બજારમાં જોર શોરથી વેચાઈ રહી છે. બહેનો રાખડી ખરીદવા ઉત્સુક છે સાથે સાથે ભાઈઓ પણ બહેનો માટે ભેટ ખરીદવા માટે ઉત્સુક બન્યા છે. હાલ અપાતી ભેટ-સોગાદ અને પહેલા અપાતી ભેટ સોગાદમાં ફર્ક એટલો જ છે કે પહેલા વીરપસલી ભાઈ દ્વારા અપાતી કાં તો સાડી કે ડ્રેસ અપાતા અને બહેનો ખુશ થઈ હતી. હાલ બજારમાં અલગ ટ્રેન્ડ સાથે એટલી વસ્તુ ઉપલબ્ધ છે કે વિકલ્પ પસંદ કરતા પણ વિચારમાં પડી જવાય તેમ છે.





રાજભોગ બકેટ, મીઠાઈ સાથે રાખડી, ગીફટ હેમ્પરમાં ચોકલેટ, ડ્રાયફ્રુટસ, સ્વીટ, ચોકોપોટલી, ચોકલેટ વીથ જાર, પીગીબેંક વીથ ચોકલેટ, સેલીબ્રેશન થાલી, ચોકલેટસ વીથ કેજ, ટ્રાયફ્રુટ એન્ડ નટસ ચોકલેટસ, કેટબરી સેલીબ્રેશન આ ઉપરાંત નાના બાળકો માટેના બોકસમાં ખાસ બિસ્કીટ, ફ્રુટ, ન્યૂટ્રેલા, જેમ્સ, વેફર્સ જેવી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઓનલાઈન ગીફ્ટ અને હવે તો વીરપસલી પણ ઓનલાઈન આપી શકાય છે. વિવિધ ઓનલાઈન શોપિંગ સાઈટ દ્વારા ગિફ્ટ કાર્ડ આપવામાં આવી રહ્યા છે જેમાં બેલેન્સ કરાવીને તે ગમે તે સમયે વટાવી શકાય છે. આ ઉપરાંત વિવિધ બ્રાન્ડસ દ્વારા બારકોડ સ્ટીકર સાથેની રાખડી બહાર પડાઈ છે. જે સ્કેન કરી બહેને ચોઈસ કરેલી ગીફટ તે સીધે સીધી મેળવી શકે છે. આ સાથે હેન્ડમેઈડ કલે ફોટો ફ્રેમ જેમાં યાદોને કંડારી શકાય છે તથા ઈનડોર આઉટડોર પ્લાન્ટસ પણ હાલ બહેનને ગીફ્ટમાં આપી શકાય છે.

સોના-ચાંદીના ઘરેણા ભેટ આપવા માટે જવેલર્સને ત્યાં પણ નવી ડિઝાઈનના ઘરેણાની ખરીદી ચાલી રહી છે. શહેરની વિવિધ મીઠાઈની દુકાનોમાં પણ ચોકલેટ, સોનપાપડી, મીઠાઈ સાથે આ વર્ષે ચોકલેટ પણ અલગ અલગ પેકીંગમાં પેક કરીને વેચાણમાં છે તે વધુ આકર્ષણમાં છે.

# યુએસ ખાતેની વર્લ્ડ સ્કાઉટ ગાઈડ જામ્બોરીમાં ગાંધીનગરના યુવરાજસિંહની ઉત્કૃષ્ઠ કામગીરી

વિશ્વવ્યાપી સ્તરે ચાલી રહેલ સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિની ૨૪મી વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી આ વર્ષે તા. ૨૨ જુલાઈથી તા. ૨ ઓગષ્ટ દરમિયાન અમેરિકાના વેસ્ટ વર્જિનિયા ખાતે યોજાઈ હતી. જેમાં દુનિયાના ૧૫૨ દેશોમાંથી લગભગ ૪૫ હજાર જેટલા પ્રતિભાગી ઉપસ્થિત રહ્યા હતા. આ જામ્બોરીમાં ભારત સરકારે ગુજરાતમાંથી ૨ સ્કાઉટને પસંદ કર્યા હતા જેમાં એક ગાંધીનગરના સ્કાઉટ ગાઈડ યુવરાજસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. જામ્બોરીમાં યુવરાજસિંહની ઈન્ટરનેશનલ સર્વિસ ટીમ-આઈએસટી તરીકે પસંદગી કરવામાં આવી હતી. જે અંતર્ગત તેમને યુએસએ આર્મી, યુએસએ પોલીસ, યુકે પોલીસ, આર્મી ઓફીસર વગેરે સાથે પેટ્રોલીંગ ડયુટી કરવાનો મોકો પ્રાપ્ત થયો હતો.





વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી એટલે જયાં અનેક દેશોના વિવિધ સંસ્કૃતિના સ્કાઉટસ એક જગ્યાએ મળીને પોતાની સ્કાઉન્ટિંગ પ્રવૃત્તિની ઓળખ પ્રસ્તુત કરે. ગુજરાત રાજય કંટીન્જન્ટ લીડર તરીકે પસંદગી પામેલા યુવરાજસિંહને જામ્બોરીમાં 'કેમ્પ કમિશનર' તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. જેમની દેખરેખ અંતર્ગત ૧૯ દેશના ટ્રુપ કાર્યરત હતા. જામ્બોરી દરમિયાન તેમણે સ્કુબા ડાઈવ, બોરો, શુટિંગ, રીવર રાફટીંગ, માઉન્ટ ડેક હાઈકીંગ, લીવ નો ટ્રેસ, ગ્લોબલ વિલેજ ડેવલોપમેન્ટ, સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ, એનએસઓ ટેન્ટ વિઝીટ જેવી પ્રવૃત્તિઓ કરી હતી. આ જામ્બોરી દરમિયાન તેમણે ભારતીય પહેરવેશ તથા બાળકોને મહેંદી મુકી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો હતો. તેમને ડિસ્કવરી ચેનલના મેન વર્સિસ વાઈલ્ડ ફેમ બિઅર ગ્રાપ્લ્સ જેઓ સ્કાઉન્ટિંગ પ્રવૃત્તિના ચીફ એમ્બેસેડર છે તેમને મુખ્ય અતિથિ તરીકે રૂબરૂ સાંભળવાનો મોકો પણ પ્રાપ્ત થયો હતો. તેમને જામ્બોરી દરમિયાન ઉત્કૃષ્ઠ પ્રવૃત્તિઓ માટે અનેક પ્રોત્સાહન ભેટો પ્રાપ્ત થઈ હતી.

# કવિતા-ગીત-ગઝલના મુશાયરા સથવારે શહેરમાં યોજાશે "એક સ્નેહભીની સાંજ"

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં મૌસમ કોઈપણ હોય પરંતુ આ શહેરની સાંજ અનેરી હોય છે કેમકે વર્ષના ૩૬૫ દિવસોમાં લગભગ દર બીજા દિવસે શહેરમાં સાહિત્ય, સંગીત કે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલો હોય છે. ગુજરાતી સાહિત્યના જાજરમાન કવિઓનો અહીં મુસાયરો જામતો હોય છે. આવા પાટનગરમાં આગામી તા. ૨૫મી ઓગષ્ટ રવિવારે સાંજે ૬.૩૦ કલાકે ચ-૫ સર્કલ નજીક સેકટર-૧૭માં ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ઓડિટોરિયમ ખાતે શહેરમાં સંસ્કાર વારસાનું જતન કરતી સંસ્થા 'વિચાર મંચ' દ્વારા ગુજરાતના જાણીતા અને માનીતા કવિઓ સંગાથે "એક સ્નેહભીની સાંજ" યોજાશે જેમાં કવિતા-ગીત-ગઝલનો મુશાયરો જામશે.

વિચારમંચ પરિવાર આયોજિત "સ્નેહભીની સાંજ"માં અતિથિ વિશેષ પદે ગાંધીનગર કલ્ચર ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જ્યોતિષ ભટ્ટ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં કવિઓ રઈશ મનીઆર, રાજેશ વ્યાસ 'મિસ્કીન', કૃષ્ણ દવે, કિશોર જીકાદરા, મધુસૂદન પટેલ 'મધુ', ભરત ભટ્ટ 'પવન' અને ચંદ્રેશ મકવાણા 'નારાજ' કવિતા-ગીત-ગઝલનો મુશાયરો જમાવશે. ગુજરાતી ભાષાના ગૌરવને વધારનારી આ એક સ્નેહભીની સાંજ માણવા વિચારમંચ પરિવાર દ્વારા શહેરના સાહિત્યપ્રેમી ભાવકોને આમંત્રણ અપાયું છે.

# બિરસામુંડા ભવન ખાતે સ્વ- સહાય જૂથ સંચાલિત કેન્ટીનનો આરંભ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ વાવોલના સ્વ-સહાય જૂથ સંચાલિત કેન્ટીનનો શુભારંભ ગાંધીનગરના સેકટર-૧૦માં આવેલા બિરસામુંડા ભવન ખાતે કરવામાં આવ્યો છે. આ કેન્ટીનનો આરંભ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટના હસ્તે કરવામાં આવ્યો હતો.

નેશનલ લાઈવલીહુડ મિશન અંતર્ગત સ્વ-સહાય જૂથની રચના કરી તેઓને આર્થિક રીતે પગભર કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજ રોજ ગાંધીનગર સેકટર-૧૦ 'એ' સ્થિત આવેલ 'બિરસામુંડા ભવન' ખાતે સ્વ-સહાય જૂથ દ્વારા સંચાલિત કેન્ટીનનો આરંભ કરવામાં આવ્યો છે. આ મહિલા કેન્ટીનની રચના મિશન મંગલમ વાવોલ દ્વારા ચલાવવામાં આવશે અને આ જુથમાં જોડાયેલ દરેક સભ્યો તેમાં કાર્યરત રહેશે. 'બિરસામુંડા ભવન' તથા આજુબાજુના વિસ્તારમાં આવેલ અન્ય કચેરીઓને આ કેન્ટીન થકી સ્વચ્છ અને સ્વાત્વિક ચા-નાસ્તો તથા ભોજનની સુવિધા ઉપલબ્ધ થશે. તથા રોજબરોજ આવતા મુલાકાતીઓને પણ આ સુવિધાનો લાભ લઈ શકશે.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ કમિશ્નર કચેરીના નાયબ નિયામકશ્રી, કમિશ્નરશ્રીના અંગત મદદનીશ., એન.આર.એલ.એમ. જી.એલ.પી.સી. યોજનાના જીલ્લા તથા તાલુકાના સ્ટાફ સહભાગી થયા હતા.

# સ્ટાફને 'સ્ટ્રેસ-ફ્રી' રાખવા આઈઆઈટી યોગ થેરેપીના શરણે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના સ્ટાપ ડેવલપમેન્ટ સેલ દ્વારા કર્મચારીઓ માટે યોગ થેરેપી અને સ્ટ્રેસ મેનેજમેન્ટ સેશન્સનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦મી જુલાઈથી આરંભ થયેલા સેશન્સમાં ૩૦થી વધુ કર્મચારીઓ નિયમિત લાભ લઈ રહ્યા છે.



આજના સ્પર્ધાત્મક યુગમાં જો સૌથી મોટો પડકાર હોયતો તે સ્ટ્રેસ મેનેજમેન્ટ છે. તણાવમુકત જીવન જીવવું અને સ્વસ્થ રહેવું તે આ યુગમાં પડકારરૂપ બનતું જાય છે ત્યારે આઈઆઈટી-જીના કર્મચારીઓ પણ તણાવમુકત રહી સેવાઓ આપી શકે તે હેતુથી તેમના માટે યોગ થેરેપી અને સ્ટ્રેસ મેનેજમેન્ટની શિબિર યોજવામાં આવી છે. આ સેશન્સમાં યોગ થેરેપિસ્ટ ડૉ. શિખા સરોગી સેવાઓ આપી રહ્યા છે. જેઓ હળવી શ્વસનક્રિયાથી આરંભ કરી ત્વરિત રાહતની ટેકનિકસ યોગાસન, પ્રાણાયામ, ગહન ચહલ ટેકનિકસ જેવી વિવિધ બાબતોનું જ્ઞાન આપે છે. આ સેશન્સ તા. ૧૪મી ઓગસ્ટે પૂર્ણ થઈ રહ્યા છે.

# મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જબરીયા જોડી**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
● **ચિકન કરી લો!**
૧૦.૨૦ રાત્રે
● **પ્રણામ**
૧.૪૦ બપોરે
● **સુપર-૩૦**
બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦
● **ચાસણી (ગુજરાતી)**
બપોરે ૧૨.૪૫
● **કબીરસિંગ**
૧૦.૧૦ સવારે
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ**
૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે
૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે
● **ધ લાયન કિંગ**
૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

### સિટી પલ્સ કુડાસણ

● **જબરીયા જોડી**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦ રાત્રે
● **સુપર-૩૦**
૬.૩૦ સાંજે
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ**
૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫
૨-ડી અંગ્રેજી ૧.૦૦
● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) ૭.૦૦
● **કબિરસિંગ**
૩.૧૫ બપોરે
● **ખાનદાની શફાખાના**
૧૨.૩૦ બપોરે

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **જબરીયા જોડી**
૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ**
૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦
૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫
● **સુપર-૩૦**
૧૨.૧૫, ૬.૩૦
● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે
● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫
(૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

# મુસ્લિમ સમાજ દ્વારા દેશપ્રેમી ઓમકારનાથ ઠાકુરનું ૧૫મી ઓગષ્ટે સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૩

સે-૨૧માં આવેલ ઓમકાર પાન પાર્લરના ઓમકારનાથ ઠાકુર છેલ્લા ૨૬ વર્ષથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરે છે તથા શહેરીજનોને ૫૦૦ કિલોથી વધુ જલેબીનું વિતરણ કરે છે ઉપરાંત દેશ ભકિતના ગીતોની સંગીત પાર્ટીનું ફણ આયોજન કરે છે. આ વર્ષે પણ આ કાર્યક્રમ તા. ૧૫ ઓગષ્ટના દિવસે સવારે ૮ કલાકે યોજાનાર છે. જેમાં ગાંધીનગરના મુસ્લિમ અગ્રણીઓ આઝાદભાઈ મનસુરી, ઈનાયતઅલી સૈયદ, લાડબોન, ખાદીમભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, ભુરાભાઈ મનસુરી, હનીફભાઈ મનસુરી તથા અન્ય મુસ્લિમ બિરાદરો દ્વારા મોમેન્ટો આપી ઓમકારનાથ ઠાકુરનું સ્વાગત કરવામાં આવશે.

બુલેટ વર્લ્ડ સે-૨૩ના વનરાજસિંહ વાઘેલા તથા પૃથ્વીસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ૫૧ બુલેટ સ્વારોની રેલી રાષ્ટ્રીય ધ્વજ તથા રકતદાન કરોના બેનર સાથે નીકળશે અને ધ્વજવંદન સમારોહમાં હાજરી આપશે. આ ઉપરાંત આ બુલેટ સવારો રકતદાન શિબિરમાં રકતદાન પણ કરશે. આ પ્રસંગે માઈક્રો શોપીંગ સેન્ટર સે-૨૮ના જીતેન્દ્રસિંહ વાઘેલા તથા સીતારામ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

# સરગાસણમાં ગાયોના ત્રાસથી વસાહતીઓ ત્રાહીમામ

**બે રાત્રીથી વસાહતીઓ સ્વયંભુ એકઠા થઈ ગાયોને ભગાડે છે : દરેક સોસાયટીમાં બે થી ત્રણ ગાયો રાખી લેવી તેવી ચર્ચા વિચારણા**

ગાંધીનગર, તા.૧૩

ન્યુ ગાંધીનગર તરીકે ઝડપથી વિકસી રહેલા ટીપી-૯ના સરગાસણમાં ગાયોનો ત્રાસ અતિશય વધી ગયો છે. માર્ગો વચ્ચે અડીંગા જમાવી બેસી જતી ગાયોથી અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો વસાહતીઓ કરી રહ્યા છે. જે અંગે ગાયોને ભગાડવા માટે છેલ્લી બે રાત્રીથી વસાહતીઓ સ્વયંભુ એકઠા થઈ મહેનત કરી રહ્યા છે. ગાયોની દોડાદોડી થકી કોઈ વસાહતીનો જીવલેણ અકસ્માતની સંભાવના હોઈ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે યોગ્ય ઉપાય કરવાની એકઠા થયેલા સમુહમાં રજુઆત થઈ હતી. જેમાં તંત્રનો આ અંગે અગાઉ





લેખિતમાં આપવા છતાં હદના પ્રશ્ન થકી રજુઆતનો છેદ ઉડાડી દેવાયો હોવાનો આક્રોશ પણ દેખાયો હતો.

ગાંધીનગરના ખ રોડને અડીને વિકસીત થયેલો ટીપી-૯ વિસ્તાર અત્યારે ૮૦થી વધુ સોસાયટીઓ સાથે ૧૫૦૦૦ જેટલી વસ્તી ધરાવતો થયો છે. માળખાગત સુવિધાઓથી વંચિત આ વિસ્તારમાં ગાયોનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. સમગ્ર વસાહતમાં લગભગ ૩૦૦થી વધુ ગાયોના અડિંગા દૈનિક હોય છે. જેમાં અવર-જવર તેમજ ગાયોની દોડા-દોડી દરમિયાન જીવનું જોખમ પણ રહેલું છે ત્યારે અહીંના વસાહતીઓએ રાત્રિ દરમિયાન ગાયોને વસાહતથી દૂર કરવા ઝુંબેશ ઉપાડી છે. જેમાં છેલ્લી બે રાત્રીથી સૌ વસાહતીઓ એકઠા મળી ગાયોને ભગાડવાનો પ્રયાસ કરી ત્રાસથી મુકિત મેળવવા ઈચ્છી રહ્યા છે.

ગાયોના ત્રાસથી ત્રાહીમામ પોકારી ઉઠેલા ટીપી-૯ની સોસાયટીઓના રહીશો રાત્રિ દરમિયાન ગાયોને ભગાડી દૂર સુધી મુકવા જાય છે પરંતુ દિવસ દરમિયાન ગાયો યથાવત હોવાનું જણાઈ આવે છે ત્યારે કેટલાક પશુમાલિકો દ્વારા ઈરાદપૂર્વક આ કૃત્ય કરવામાં આવતું હોવાની શંકાઓ પેદા થઈ છે. ગાયો ભગાડવા એકઠા થયેલા સમુહમાં ગાયોનો ત્રાસ દૂર કરવા અંગે દરેક જણે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. જેમાં સોસાયટી દીઠ બે થી ત્રણ ગાયો રાખી લેવા અંગે જોરદાર ચર્ચા થઈ હતી તો બીજી તરફ ગુડાના પ્લોટમાં ગાયોને રાખવાનો વિકલ્પ પણ વિચારણા હેઠળ લેવાયો હતો. તંત્રને રજુઆત કરવા અંગેની ચર્ચા દરમિયાન તંત્ર નિઃસહાય હોવાનુ બહાર આવ્યું હતું. અત્યારે ટીપી-૯ વસાહતમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલ ન હોવાથી ગંદકીનું સામ્રાજય સર્જાયું છે ત્યારે ગાયો થકી પણ આ ગંદકીમાં વધારો થતો હોવાથી આ અંગે આંદોલનના મંડાણ થવાના સંજોગો સર્જાયા છે.